# બેનીના ભાવ મને ભીંજવે રે લોલ...



જીવન સરગમ

બિન્દુબેન કચરા

આ જગતમાં સૌથી સુંદર સંબંધ એટલે ભાઈ-બહેનનો સંબંધ અને બહેનને સૌથી પ્રિય જો કોઈ તહેવાર લાગતો હોય તો તે છે -રક્ષાબંધન...!

ઉંમરલાયક બહેનો હોય કે યંગ કે બાળકી હોય બધા આ તહેવારની કાગડોળે રાહ જોતાં હોય છે.

પ્રિયા પણ આ તહેવારની રાહ જોતી બેઠી હતી. પોતાના વહાલા વીરા માટે રાખડી ખરીદી લાવી, મીઠાઈ ખરીદી લાવી પણ એનો ઉમંગનો રંગ ફીકો પડી ગયો. એની માતાને અચાનક એટેક આવી ગયો ને તે ગુજરી ગયાં. પ્રિયા કહે છે ત્યારે હું દશમામાં ભણતી હતી. જાણે અમારા કુટુંબ પર વજ્રાઘાત થયો. માની વિદાય જેટલી અણધારી એટલી જ અકલ્પનીય અને નખમાં રોગ નહીં, અચાનક જ અમને સૌને નોધારા મૂકી ચાલી ગઈ.

મારો ભાઈ પ્રેમલ ત્યારે બારમા ધોરણમાં હતો. પપ્પાની એક દુકાનમાં સામાન્ય નોકરી હતી. હું અને મારો ભાઈ બંને ભણવામાં હોંશિયાર હતાં. બંનેનાં આ અગત્યનાં વર્ષો હતાં. રડી રડીને થોડા દિવસો પસાર થયા. સગાંવહાલાં સૌ આશ્વાસન આપી વિદાય થયાં. કોઈ વધુ રોકાયાં. તેમની એક જ વાત હતી કે પ્રિયા હવે તારે જ આ ઘર સંભાળવું પડશે. ભાઈ અને પપ્પાની બંનેની જવાબદારી તારા પર. દશમા ધોરણની પરીક્ષા તો મેં જેમતેમ આપી. મારા ટકા ઓછા આવ્યા પણ ભાઈના બારમાની પરીક્ષામાં ખૂબ સારા ટકા આવ્યા. મેં નક્કી કર્યું કે ભાઈને મારે આગળ ભણાવવો જ છે પણ પપ્પાએ ચોખ્ખી ના પાડી દીધી. પપ્પાને મેં બહુ સમજાવ્યા અને કહ્યું ‘‘હું ટ્યુશન કરીશ, નાનાંમોટાં બીજા કામ કરીશ પણ ભાઈને ભણાવીશ. તમે એને ભણાવવાની ચિંતા છોડી દો, હું ભણાવીશ.’’ કોલેજ શરૂ થતાં જ એડમિશન માટે દોડધામ કરી તેને ભણાવ્યો.

હું પણ ભણવાની સાથે કેજી, નર્સરીનાં ટ્યુશન કરતી અને મમ્મી હતાં ત્યારે સિલાઈકામ કરતાં હતાં તેથી મશીન હતું, થોડી આવડત પણ હતી એટલે સિલાઈકામ પણ કરવા લાગી અને સારી રીતે કમાણી કરતી અને ભાઈના ભણતર પાછળ વાપરતી. જોતજોતામાં ભાઈ પ્રેમલ એમ.એ. વીથ ઈંગ્લીશ ફર્સ્ટક્લાસમાં પાસ થયો. સાથે હાઈસ્કૂલમાં નોકરી મળી ગઈ.

પ્રિયાએ બારમા પછી અભ્યાસ છોડ્યો. પ્રેમલે એને સમજાવી કહ્યું તું મારા ભણતરમાં રૂકાવટ ન આવે તેને માટે તારા ભણતરનો ભોગ આપે છે. તારું ઋણ હું ક્યારે ચૂકવીશ. ત્યાર પછી પ્રેમલે પીએચ.ડી પણ કર્યું તેથી તેને કોલેજમાં લેક્ચરર તરીકે જોબ મળી ગઈ. પોતાના ભાઈની કારકિર્દી જોઈ પ્રિયાને ખૂબ આનંદ થતો. ભાઈ પણ બેનના બલિદાનના વખાણ કરતાં થાકતો નહિ. બધાંને કહેતો ફરતો બેનને લીધે હું આ જગ્યાએ પહોંચ્યો છું.



હવે પ્રિયા પણ પરણવાલાયક થઈ હતી. તેથી પપ્પા અને ભાઈ છોકરા જોવા લાગ્યા.

> **પ્રિયા પણ પરણવાલાયક થઇ હતી તેથી પપ્પા અને ભાઇ છોકરા જોવા લાગ્યા. પ્રિયા કહેતી કે મારે લગ્ન કરવા નથી, પપ્પા અને તને કોણ સાચવશે? પહેલા પ્રેમલ તને હું પરણાવીશ જેથી ભાભી ઘરમાં આવી જાય તો મને શાંતિ**

પ્રિયા કહેતી કે મારે લગ્ન કરવા નથી, પપ્પા અને તને કોણ સાચવશે? પહેલા પ્રેમલ તને હું પરણાવીશ જેથી ભાભી ઘરમાં આવી જાય તો મને શાંતિ...!

આમ ને આમ દિવસો આનંદમાં વીતતા હતા. અચાનક ફોઈ જે બાજુના ગામમાં રહેતાં હતાં તે બીમાર પડ્યાં. પ્રેમલ તેની ખબર કાઢવા ગયો. આવતી વખતે ટ્રકવાળાની ટક્કરથી સ્કૂટર એક્સિડન્ટ થયો. ગામલોકોએ ત્યાં હોસ્પિટલમાં દાખલ કર્યો. હું, ગભરાઈને ત્યાં દોડી. પ્રેમલને હાથપગનાં ફ્રેક્ચર થયાં હતાં. બધા રીપોર્ટ કાઢવામાં આવ્યા. તેમાં એની એક કીડની ફેઈલ થઈ ગયાનું જણાયું.

ભાઈની આ સ્થિતિ જોઈ મને ખૂબ દુઃખ થયું. પપ્પા તો સાવ ઢીલા થઈ ગયા હતા. ભગવાન! આટલાં દુઃખો ઓછાં હતાં કે આ બીજી ઉપાધિ અમારા શિરે નાંખી?

મને ખૂબ દુઃખ થાય છે પણ મારા કર્તવ્યની લેણદેણ હજી બાકી હશે, મારું પરમ કર્તવ્ય રડવાનું નથી પણ ભાઈને બેઠો કરવાનું છે. મેં ડૉક્ટરને કહ્યું મારી કીડની આપીશ. બંનેના બ્લડગ્રુપ મેચ થયા. ડૉક્ટરે હા પાડી. પથારીમાં પડેલાં પ્રેમલને આ વાતની ખબર પડી ત્યારે તેણે બહેનને બહુ ના પાડી. મને નવજીવન બક્ષવા તું તારી જાતને હોડમાં મૂકી રહી છે. નહીં પ્રિયા, આજ સુધી તું અમારે માટે ઘસાઈ છે, હવે નહીં, પણ પ્રિયા ભાઈને કીડની આપીને જ જંપી. ઘેર લાવ્યા પછી પણ એણે દિલથી સેવા કરી.

મા હતાં ને બળેવ ઉજવતાં ત્યારે પ્રેમલને કહેતી ‘‘બોલ બેટા! બહેન હંમેશાં હું તારી રક્ષા કરીશ! હું તને સાચવીશ..! બધું યાદ આવે છે પણ મારે માટે તો સાચા અર્થમાં મારી બહેન જ મારી બીજી મા બનીને રહી!’’ દીકરો એ માતા-પિતા માટે વહાલનો દરિયો તો બહેનડી ભાઈ માટે હેતનું માનસરોવર--! પથારીમાં પડ્યો પડ્યો પ્રેમલ ખૂબ રડ્યો. રડતાં રડતાં એની આંખ મીંચાઈ ગઈ. ઊઠીને શું જુએ છે પ્રિયા પ્રેમલને રક્ષાપોટલી બાંધી રહી હતી અને મનોમન પ્રાર્થી રહી હતી.

‘મેરે ભૈયા રાજા તુજકો બૂરી નજર ના લાગે-રાખી ધાગોં કા ત્યોહાર...!’

તો વાચકમિત્રો! બહેનીના હેત ભાઈને ભીંજવે છે... સ્નેહનું બીજું નામ બહેન..! રક્ષાબંધનની પરંપરા તો વર્ષોથી ચાલી આવી છે અને ચાલતી રહેશે પરંતુ સમાજમાં એવી કેટલીય બહેનો છે જેમણે પોતાના વીરાને મુશ્કેલીમાંથી ઉગારવા તેમના જીવનનું બલિદાન આપ્યું છે, ધન્ય છે ભાઈ-બહેનના પ્યારને...! રક્ષાબંધન એક એવું પર્વ છે કે ભાઈ-બહેનના પવિત્ર સંબંધને સંપૂર્ણ આદર આપે છે. આ પર્વે લાડલી બેન રાખીના સ્વરૂપમાં ભાઈની સલામતી-સુરક્ષાની કામના કરે છે. આ રક્ષણ એટલે અંતરના આશિષનું રક્ષણ, હેતભરી શુભ ભાવનાઓનું રક્ષણ. મહાભારતમાં કુંતીએ અભિમન્યુને રણમોરચે જતાં પહેલાં રાખડી બાંધી હતી. મહત્ત્વ રક્ષાબંધનનું નથી, મહત્ત્વ છે અંતરના જે અમી ઘૂંટીને રાખડી બાંધતી વખતે આશીર્વાદ આપે તેનું છે. રક્ષાબંધન ઉજવવા સગાં ભાઈ-બહેન હોવાં જરૂરી નથી. ઈતિહાસકાર કહે છે કે મેવાડની રાણી કર્ણાવતીએ મોગલ બાદશાહ હુમાયુને રાખડી મોકલી ધર્મનો ભાઈ બનાવ્યો હતો. આજના દિવસે રીસાયેલી બહેનને મનાવી લેજો, રીસાયેલા ભાઈને મનાવી લેજો અને ખૂબ ઉલ્લાસથી પ્રેમ અને સ્વાર્પણની ભાવના અવ્વલ રાખી પર્વ ઉજવો....!

હેપ્પી રક્ષાબંધન!

## સુવર્ણરજ

રક્ષાબંધન તો એક બહાનું છે
બાકી, ભાઈ-બહેનના પ્રેમ માટે તો
આખું આકાશ પણ નાનું છે...!